# જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, પોરબંદર જિલ્લો, પોરબંદર

ગુજરાત પોલીસ સને. ૧૯૫૧ના–૨૨માં અધિનિયમની કલમ ૩૩ની પેટા કલમ–(૧)(ગ) અન્વયે જાહેરનામું

નં.એમએજી/સી/૩૩/૭૩૫૫/૨૦૧૬ તા.૦૩/૦૫/૨૦૧૬

## જા હે ર ના મું

પોરબંદર શહેરના જયુબેલી પુલથી આર્યકન્યા ગુરૂકુળના ગેઈટ સુધીના માર્ગ ઉપર ભારે તથા અતિ ભારે વાહનો રાત–દિવસ અવિરત ચાલે છે, તેમજ પુલ પુરો થાય છે ત્યાંથી આર્યકન્યા ગુરૂકુળના ગેઈટ સુધીનો રસ્તો સાંકડો છે. તેમજ આર્યકન્યા ગુરૂકુળ શૈક્ષણિક સંસ્થામાં બાલમંદિરથી કોલેજ સુધીનો અભ્યાસ ક્રમ હોવાથી વિદ્યાર્થીઓ તથા વાલીઓની પણ અવર જવર રહેતી હોય છે. તેમજ આજુબાજુમાં ગીચ વસ્તી વિસ્તાર છે, જેથી જયુબેલી પુલ પુરો થાય ત્યાંથી આર્યકન્યા ગુરૂકુળ ગેઈટ સુધીના માર્ગને "નો પાર્કીંગ ઝોન" અને "નો ઓવર ટેક ઝોન" જાહેર કરવા પોલીસ અધિક્ષકશ્રી પોરબંદરએ તા.૦૮/૦૪/૨૦૧૬ થી દરખાસ્ત કરેલ છે. જે વિગતે ગુજરાત પોલીસ (સને–૧૯૫૧ ના ૨૨માં) અધિનિયમની કલમ–૩૩ ની પેટા કલમ–(૧) ની કલમ–ગ અન્વયેનું પોરબંદર શહેરના જયુબેલી પુલથી આર્યકન્યા ગુરૂકુળના ગેઈટ સુધીના માર્ગને "નો પાર્કીંગ ઝોન" અને "નો ઓવર ટેક ઝોન" જાહેર કરવું યોગ્ય જણાય છે.

સબબ, હું જી.બી.મુંગલપરા, આઈ.એ.એસ. જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર, પોરબંદર શહેરના જયુબેલી પુલ પુરો થાય ત્યાંથી આર્યકન્યા ગુરૂકુળના ગેઈટ સુધીના માર્ગને "નો પાર્કીંગ ઝોન" અને "નો ઓવર ટેક ઝોન" જાહેર કરવામાં આવે છે.

આ જાહેરનામું નીચે મુજબના વાહનોને લાગુ પડશે નહી.

૧. તાકીદના સંજોગોમાં સરકારી વાહનો તેમજ જનતાની સુખાકારી અને સુવિધા માટે સરકારી એજન્સીઓ મારફત ચલાવવામાં આવતા વાહનો.

૨. ઉકત માર્ગ ઉપર રીક્ષા માટે કાયદેસર સ્ટેન્ડ મંજૂર કરવામાં આવેલ હોય તો તેવા કાયદેસર સ્ટેન્ડ ઉપર ઉભી રહેતી રીક્ષાઓ.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ ની કલમ–૧૩૧ માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરે છે.

આજ તા. ૦૪/૦૫/૨૦૧૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો મારી પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

(જી.બી.મુંગલપરા)
જિલ્લા મેજીસ્ટ્રેટ
પોરબંદર
MP 3/5/16
3/5

**નકલ સવિનય રવાના :–**

(૧) ઉપસચિવશ્રી ગૃહ વિભાગ ગુ.રા. સચિવાલય, ગાંધીનગર
(૨) કમિશ્નરશ્રી, ટ્રાન્સપોર્ટ, ગુ. રા. સે–૪ બહુમાળી મકાન લાલ દરવાજા, અમદાવાદ
(૩) ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી, ગુ. રા. માર્ગ વાહન વ્યવહાર નિગમ, મધ્યસ્થ કચેરી, અમદાવાદ
(૪) વાહન વ્યવહાર નિયામકશ્રી, વાહન વ્યવહારની કચેરી, બહુમાળી મકાન લાલ દરવાજા, ચોથા માળે, અમદાવાદ
જાણ અર્થે....

**નકલ રવાના :–**

(૫) જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર.
જાહેરનામાંની વધુ નકલો આ સાથે સામેલ છે. જેથી પોલીસ ખાતા અમલદારો મારફત અમલવારી કરાવવા વિનંતી.
(૬) સહાયક માહિતી નિયામકશ્રી, પોરબંદર
જાહેરનામાંની વધુ નકલો આ સાથે સામેલ છે તો સમયસર સમાચારપત્રોમાં વિના મુલ્યે પ્રેસનોટ તરીકે પ્રસિધ્ધી અપાવવા વિનંતી છે.
(૭) કા. પા. ઈ. શ્રી, રસ્તા અને મકાન માર્ગ, વિભાગ,(રાજય/પંચાયત) પોરબંદર જાણ અર્થે

Akhil Gujarat Truck Transport Association
Dt. 24-5-16